## કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે
# વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ તથા શિક્ષક નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૩૦

શાળાના વડા આચાર્યા શ્રીમતી ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખ, મંત્રી તથા હોદેદારોની ઉપસ્થિતિમાં છત્રસિંહજી વાઘેલા (પ્રમુખ) ના અધ્યક્ષ તથા હેઠળ ધો- કે.જી. થી ૧૨ સુધી વિદ્યાર્થીઓને અભ્યાસ સાંસ્કૃતિક તથા રમતગમતમાં ૧૧૦ જેટલા ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના વિજ્ઞાન શિક્ષક બાબુભાઈ પ્રજાપતિને વય નિવૃત્તિ પ્રસંગે ટ્રસ્ટીઓએ સાલ તથા મોમેન્ટો આપી શુભેચ્છા પાઠવી હતી.

પ્રમુખ છત્રસિંહજી વાઘેલા, મંત્રી પ્રવિણભાઈ પટેલ તથા આચાર્ય ભાવનાબાએ 'સન્માનપત્ર' કુળદેવીનો ફોટો તથા સાલ ઓઢાણી સન્માનીત કર્યા હતા અને તેમના કાર્યક્રમની યાદોને તાજી કરી હતી.

સ્ટાફ પરિવારે નિવૃત્ત શિક્ષકને 'એર કન્ડીશનર' આપી લાગણી વ્યક્ત કરી હતી.

પૂર્વ આચાર્ય અર્જુનસિંહજી વાઘેલા (બોર્ડ પૂર્વ સદસ્ય) મોમેન્ટો, સાલ તથા પુષ્પગુચ્છ આપી તેમની સેવાઓને બિરદાવી હતી.

અંતે કેળવણી મંડળ તથા સ્ટાફ પરિવાર, મહેમાનો સ્વરૂચિ ભોજન લીધું હતું. શાળાના ૧૦૦ વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષક નારાયણભાઈ પટેલે કર્યું હતું તથા આભાર દર્શન શિક્ષિકા પ્રવિણાબેન પ્રજાપતિએ કર્યું હતું. સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉપાડીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## કલોલની અનન્ય વિદ્યાલય ટેકવોન્ડોમાં ઝળકી

ગાંધીનગર, તા. ૩૦

બાપુનગર ઈન્દુલાલ યાજ્ઞિક હોલ અમદાવાદ સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશીપ તા. ૨૩-૧૦-૧૬ના રોજ યોજાઈ હતી. જેમાં અનન્ય વિદ્યાલય કલોલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં છ ગોલ્ડ મેડલ, પરમાર નિસર્ગ આર્યન પટેલ, પટેલ મિત, રાવલ યશ, પટેલ દત્ત, પટેલ ક્રિશ તથા સિલ્વર છ મેડલ જેમાં પટેલ ઓમ, પટેલ દીપ, દિપેન્દ્ર રાજપુત, સૈયદ મહંમદ, પરમાર રોનક, ચાવડા તેજેન્દ્ર, બ્રોન્ચ મેડલ પ્રાપ્ત પટેલ શિયા, તન્વી પટેલ, પ્રજાપતિ રાજ પટેલ વંશ, દેસાઈ હર્ષ, યુવરાજ શર્મા, જતિન શર્મા, પટેલ દેવ, પટેલ ક્રિસ, ક્રિશ મિશ્રાએ મેડલ પ્રાપ્ત કરી કોચ સર અજય જાડેજા તથા શાળાના પ્રિન્સિપાલ ડૉ. મમતાબેન ભટ્ટે વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. શાળાનું તમામ બાળકોએ ગૌરવ વધાર્યું છે.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા
# ફટાકડા અને બજારૂ મીઠાઈથી સ્વાસ્થ્ય પર થતી ખરાબ અસર અંગે જન-જાગૃતિનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૩૦

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળા ફટાકડા અને બજારૂ મીઠાઈથી સ્વાસ્થ્ય પર થતી માઠી અસરોની જાણકારી આપી તેના ઉપયોગ અંગે માર્ગદર્શન આપતી પત્રિકાઓ વિદ્યાર્થીઓ દ્વારા ગામડાઓ સુધી પહોંચાડી જન-જાગૃતિ લાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓના સહકારથી ગામડાઓ સુધી પહોંચાડવામાં આવેલી પત્રિકાઓમાં બાળકોને અને પર્યાવરણને સ્પર્શતી કેટલીક બાબતો જેવી કે ફટાકડામાં વપરાતા ગંધક, સલ્ફર જેવા પદાર્થોના દહનથી સલ્ફર ડાયોકસાઈડ, ફોસ્ફરસ પેન્ટોકસાઈડ જેવા ઝેરી વાયુઓ ઉત્પન્ન થાય છે જે શ્વસનતંત્રના રોગો માટે જવાબદાર છે. ધુડામાથી થતા હવાના પ્રદુષણથી પર્યાવરણને થતું નુકસાન, આગ લાગવાની કે દાઝી જવાની ઘટનાઓ અંગે જાણકારી આપી સમસ્યાઓને દૂર કરી સ્વાસ્થ્યને ટકાવી રાખવાની અપીલ કરવામાં આવી હતી. શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે કુદરતને તેનું મૂળ સ્વરૂપ અર્પણ કરવા કૃતનિશ્ચયી થઈ નવું વર્ષ સર્વાંગી ઉન્નતિ બક્ષે તેવી શુભેચ્છા પાઠવી છે.

## ખેલ મહાકુંભ ડિસ્ટ્રીક્ટ એથ્લેટીક્સમાં સ્ટેન્ડીંગ બોર્ડ જમ્પમાં જીઆઈપીએસના અંડર-૧૧ના વિદ્યાર્થી પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા. ૩૦

તા. ૨૬-૧૦-૨૦૧૬ના રોજ ગુજરાત ખેલ મહાકુંભ આયોજિત જિલ્લા એથ્લેટીક્સનું આયોજન થયેલ. જેમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનો વિદ્યાર્થી દેવરાજ રમેશચંદ્ર ચૌધરી ધો. ૬ ગુજરાતી મીડીયમ, અંડર-૧૧ એથ્લેટીક્સમાં સ્ટેન્ડીંગ જમ્પ બોર્ડમાં ભાગ લઈ પ્રથમ નંબરે વિજેતા બન્યા હતા. તેથી શાળાના ટ્રસ્ટીશ્રીઓ તેમજ જીઆઈપીએસ પરીવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાભારતી પરિસર ખાતે હેલ્થ એન્ડ માઈન્ડ પાવર ડેવલોપમેન્ટ વિષય પર વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો

### આજના યુગની સમસ્યા તનાવ મુક્તિ માટે અસરકારક પ્રયોગો કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર અમદાવાદ હાઈવે પર વિદ્યાભારતી પરિસર ૨૩-૨૪ એમ બે દિવસ હેલ્થ એન્ડ માઈન્ડ પાવર ડેવલોપમેન્ટ તેમજ આજના યુગની સમસ્યા તનાવ મુક્તિ માટે નિલમ કોઠારી દ્વારા અસરકારક પ્રયોગો કરવામાં આવ્યા હતા.

રહેવાસીય શિબિરમાં સવારથી સાંજ સુધીના કાર્યક્રમમાં એક ખાસિયત રહી હતી કે માત્ર પ્રયોગો જ નહિ રહેણી-કરણી, ખાનપાનનું આયોજન કરાયું હતું. માલચંદજી પીંછાએ પ્રવચન દ્વારા વિવિધ જાણકારી આપી હતી. લોકોએ ખુશી વ્યક્ત કરી અને આવા કાર્યક્રમના લોકહિત માટે આયોજન થાય એવી અધ્યક્ષ બાબુલાલજી શેખાણીને જણાવવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

માળો બનાવવામાં આપણે એટલાં મશગૂલ થઈ ગયાં કે ઊડવા માટે પાંખો છે એવું પણ ભૂલી ગયા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હૈ મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
શિવાય
૧૦.૦૦
એ દિલ હૈ મુશ્કિલ
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
એ દિલ હૈ મુશ્કિલ
૧૧.૦૦
શિવાય
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

# પંચદેવ મંદિરે દર્શન કરી મુખ્યમંત્રી નૂતન વર્ષનો પ્રારંભ કરશે

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તા. ૩૧ ઓકટોબર-૨૦૧૬ને સોમવારે નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે સવારે ૮.૦૦ થી ૮.૪૫ સુધી નાગરિકો સાથે નૂતનવર્ષાભિનંદન અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે. શ્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગરમાં પંચદેવ મંદિરમાં સવારે ૭.૩૦ કલાકે દર્શનાર્થે જઈને નૂતનવર્ષનો ભકિતભાવનો પ્રારંભ કરશે અને ત્યારબાદ ગાંધીનગરમાં નાગરિકો સાથે નૂતનવર્ષની શુભેચ્છાનું આદાન-પ્રદાન કરશે.

મુખ્યમંત્રીશ્રી સવારે ૮.૫૦ કલાકે રાજ્યપાલશ્રીને રાજભવન ખાતે નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. આ વર્ષે નૂતનવર્ષ પ્રારંભ દિવસ અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૧મી જન્મજયંતિનો સુભગ સુયોગ રચાયો છે ત્યારે મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરમાં સ્વર્ણિમ પાર્કમાં સરદાર સાહેબની પ્રતિમા સમક્ષ સવારે ૯.૧૫ કલાકે આદરાંજલી અર્પણ કરવાના છે અને રાષ્ટ્રીય એકતા દિવસના શપથમાં જોડાશે.

મુખ્યમંત્રીશ્રી સરદાર સાહેબને ભાવાંજલી અર્પણ કરીને સવારે ૧૦.૧૫ કલાકે અમદાવાદમાં ભદ્રકાળી મંદિરમાં દર્શન માટે જશે.

શ્રી વિજયભાઈ રૂપાણી સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે.

તેઓ બપોરે ૧૧.૪૫ કલાકે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અફસરો અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવવા પણ ઉપસ્થિત રહેશે.

## આર.જી.પટેલ શાળાનો રાજસ્થાન પ્રવાસ

ગાંધીનગર, તા. ૩૦

શ્રીમતી આર.જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા રાજસ્થાનના ચાર દિવસના શૈક્ષણિક અને ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતુ.

તા. ૨૧-૧૦-૨૦૧૬ થી તા. ૨૪-૧૦-૨૦૧૬ દરમિયાન આ આયોજન કરવામાં આવ્યુ. આ પ્રવાસમાં શ્રીનાથજી, કુંભલગઢ, પુષ્કર, અજમેર, જયપુર અને શામળાજી વગેરે સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રવાસમાં ધો. ૯ થી ૧૨ની કુલ ૯૮ વિદ્યાર્થિનીઓ અને શાળાના ૮ શિક્ષકો જોડાયા હતા. ત્રણ દિવસના આ પ્રવાસમાં સર્વેએ જુદા જુદા સ્થળોની મુલાકાત લીધી. વિવિધ ધાર્મિક સ્થળોના દર્શન કર્યા અને વિવિધ સ્થળોની ઐતિહાસિક માહિતી લઈ જ્ઞાનમાં વધારો કયો હતો.



સેક્ટર-૬ બી ખાતે સ્થિત શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં સ્થપાયેલા શ્રી હનુમાનજી મંદિર ખાતે કાળી ચૌદશ નિમિત્તે ભવ્ય અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને અન્નકૂટનાં દર્શન કરી સૌએ ધન્યતા અનુભવી હતી.

# અક્ષરધામ મંદિર રોશનીથી ઝળહળ્યું



ગાંધીનગરની ઓળખ સમું અક્ષરધામ મંદિર દિપાવલી નિમિત્તે દીપમાળાની રોશનીથી ઝળહળી ઊઠ્યું છે અને આ સુંદર મંદિર દિવ્ય ભાસી રહ્યું છે. લાભપાંચમ સુધી નિત્ય સાંજે દીપમાળાઓથી શોભતા આ મંદિરનાં દર્શન ભાવિકોને થઈ શકશે. શનિવારે સાંજે આ દીપમાળાનો આરંભ કરવામાં આવ્યો ત્યારે જ ભાવિકોની મોટી ભીડ મંદિરે લાગી ગઈ હતી અને રવિવારે તો ભીડ એથી પણ વધુ જોવા મળી હતી. બે દિવસ દરમ્યાન જામેલી ભીડ જોતાં આગામી પાંચમ સુધી પ્રત્યેક સાંજે આવી જ ભીડ જામશે એવા અણસાર સ્પષ્ટ વર્તાઈ રહ્યા છે.

## અરિહંત હોમિયોપેથિક હોસ્પિટલ ખાતે
# મફત 'સર્વરોગ નિદાન કેમ્પ'નું આયોજન



ગાંધીનગર, તા.૩૦

રોટરી કલબ કલોલ, અરિહંત હોમિયોપેથીક જનરલ હોસ્પિટલ અને આદિશ્વર કૉલેજ ઑફ ટેકનોલોજી (વિનસ) ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૩, ઑકટોબર, ૨૦૧૬ (રવિવાર)ના રોજ કૉલેજ કેમ્પસ, ગાંધીનગર ખાતે 'મફત ચશ્મા વિતરણ શિબિર તથા હાંડકાના રોગોની તપાસ, સ્ત્રીરોગની તપાસ, ફિજિયોથેરાપી સારવાર તથા બ્લડસુગર તથા ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.'

આ કેમ્પનો લાભ આજુબાજુના ૧૫ જેટલા ગામો જેવા કે ભોયણ રાઠોડ, સઈજ, વાવોલ, ટીંટોડા, કલોલ, શેરથા, જમીયતપુરા, પુંદરાસણ વગેરેના અદાંજિત ૧૦૦૦ જેટલા લોકોએ લાભ લીધો હતો. જેમાં ૫૦૦ જેટલા લોકોએ આંખની તપાસ કરીને મફત ચશ્માનો લાબ લીધો હતો.

આ કેમ્પનો મુખ્ય હેતુ આજુબાજુના ગામના લોકોમાં સ્વાસ્થ્યની જાગૃતિ લાવવાનો તથા આધુનિક સારવાર પુરી પાડવાનો હતો.

આ કેમ્પનું ઉદ્‌ઘાટન શંભુભાઈ ઠાકોર, ડેપ્યુટી સ્પીકર, ગુજરાતના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે પ્રધાનમંત્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલી વિવિધ યોજનાઓ જેવી કે મુખ્યમંત્રી અમૃતમ યોજના, મમતા તરુણી અભિયાન, મા વાત્સલ્ય યોજના, ચિરંજીવી યોજના વગેરેનો આર્થિક રીતે પછાત વર્ગના લોકોને લાભ લેવા અપીલ કરી હતી.

આ કેમ્પમાં રીષભ જૈન, ચેરમેન, વિનસ ગ્રુપ ઑફ કૉલેજીસ તથા રોટલી કલબ કલોલમાંથી જશવંતભાઈ ગજ્જર, પ્રમુખ અને ભક્તિભાઈ પ્રજાપતિ, પ્રોજેક્ટ ચેરમેન સાથે ઉપસ્થિત રહ્યા હતા. રીષભ જૈન જણાવે છે કે અત્યારે વધારે પડતા ચાલતા રોગો જેવા કે ડેન્ગ્યુ, ચીકન ગુનિયા અને મેલેરિયાની મફત દવાઓ અમારી અરિંહત જનરલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવે છે. જેનો લાભ વધુને વધુ લોકો લઈ શકે છે.

ભક્તિભાઈ પ્રજાપતિ, ચેરમેન, રોટલી કબલ કલોલ જણાવે છે કે આવા મફત કેમ્પ દ્વારા ગરીબ અને જરૂરિયાત મંદ વ્યક્તિઓને વધારેમાં વધારે લાભ મળવો જોઈએ.

# સરદાર સદા અવિનાશી

ભગવાનની જેમ વ્યક્તિત્વને મઠારનાર એવા શ્રી વલ્લભભાઈ પટેલનો આજે જન્મદિવસ છે. ભગવાન શ્રી કૃષ્ણનું જીવન અને શ્રી વલ્લભભાઈ પટેલનું જીવન જોઈશું તો કેટલીક સામ્યતાઓ જોવા મળશે.

(૧) ભગવાનશ્રી કૃષ્ણ ગુજરાતી પંચાગ પ્રમાણે દશમાં માસમાં જન્મ્યા હતા. એટલેકે શ્રાવણ માસમાં.

(૧) શ્રી વલ્લભભાઈ પટેલ અંગ્રેજી કેલેંડર પ્રમાણે દશમાં માસમાં જન્મ્યા હતા. એટલેકે ઓક્ટોબરમાં .

(૨) શ્રી કૃષ્ણ બાળપણથીજ નીડર હતા. પુતના અને કાળીનાગ જેવા દાનવોને સંહાર્યા હતા.

(૨) સરદારે બાળપણમાં તેમને બગલમાં થયેલા ગુમડાને ડામ આપી ફોડી નાખી શરીરને પીડા મુક્ત કર્યુ હતુ. જેમ કાળીનાગને નાથી, ગામવાસીઓને તેના ત્રાસમાંથી મુક્ત કર્યા હતા

(૩) શ્રી કૃષ્ણ ધારે તો મહાભારતનું યુધ્ધ એકજ ક્ષણ માં સુદર્શન ચક્ર ફેરવીને પુરુ કરી દેત. અને ધર્મરાજ ને ચક્રવર્તી સમ્રાટ બનાવી શકત, પરંતુ તેમણે તેમ કરવાને બદલે લોકોને સમજાવી એક કર્યા, તેમણે દુર્યોધનને પણ સમજાવ્યો, પણ તે ના સમજ્યો. આખરે તે ના માનતા યુધ્ધ કરવાની ફરજ પડી. આ સમગ્ર યુધ્ધમાં તેમનો ઉદેશ્ય માત્ર ભારતને અખંડ અને એક કરવાનો અને સુશાસન સ્થાપવાનો હતો.

(૩) ભારતની આઝાદી બાદ ભાગલા પડતા દરેક રજવાડાને એક કરવાનું કામ યુધ્ધ જેટલુજ કપરુ હતુ. પણ તેમ છતાં આ કાર્ય તેમણે પોતાની કુશાગ્ર બુધ્ધીથી પાર પાડ્યુ. આ કામ માં જેમને સમજાવટ થી કામ ચાલતુ હતુ, તેમને સમજાવ્યા. જે સમજી ગયા તેને પોતાના માં સમાવી લીધા, પણ જે ના સમજ્યા તેમને તેમણે પોતાની મુત્સદીગીરી દ્વારા તેમને ભેગા કર્યા. આમ ભારતને અખંડ અને સાર્વભૌમત્વ તેમણે બક્ષ્યુ. આટલી અથાક મહેનત કરવા છતા તેમણે તેનો કોઈજ લાભ લીધો ન હતો.

(૪) બલરામ શ્રી કૃષ્ણના મોટાભાઈ, તેઓ મોટાભાઈની દરેક આજ્ઞાનું આદરપુર્વકપાલન કરતા હતા. શ્રી કૃષ્ણ ઈચ્છત તો ગોકુળ, મથુરા કે વૃંદાવન ને પોતાની રાજધાની બનાવી રહી શક્યા હોત, પરંતુ, તેમણે તે બધુજ છોડી દઈ દ્વારકાને પોતાની નગરી બનાવી તમામ જવાબદારી પોતાને શીરે લઈને પણ સત્તાનો તાજ તો મોટાભાઈનેજ પહેરાવ્યો.

(૪) સમગ્ર રાષ્ટ્ર જ્યારે સરદારને વડાપ્રધાન તરીકે જોતુ હતુ, ત્યારે તેમણે મહાત્મા ગાંધીની આજ્ઞા માની વડાપ્રધાન પદ છોડી દીધુ. કારણ કે તે મહાત્મા ગાંધીને મોટાભાઈ માનતા હતા.

આવા યુગ પુરુષને આપણા શત શત વંદન.

- અંકુર શ્રીમાળી